## :: સરળ પ્રશ્ન જવાબ વિલ અથવા વસિયત બાબત ::

**(૧) વિલ એટલે શું ?**

**જ.** ‘કોઈપણ વ્યકિત’, તેની હયાતિ બાદ, તેની માલિકીની સ્થાવર કે જંગમ મિલ્કતો કે અસ્કયામતોની શું વ્યવસ્થા કરવાની છે એટલે કે તે સ્થાવર જંગમ મિલ્કતોની વહેંચણી તેમના પરીવારજનો, સગા/સબંધી અથવા ત્રાહિત વ્યકિત અથવા ધર્માદા સંસ્થા વિગેરેમાં કઈ રીતે કરવાની છે તેની લેખિત સુચના આપે તે સુચના પત્રને તે વ્યકિતનું વિલ અથવા વસિયતનામું કહેવાય આવું વિલ હમેશા બે સાક્ષીઓની હાજરીમાં તૈયાર કરાયેલું હોવું જોઈએ.

**(૨) વિલ બનાવવાના શું ફાયદાઓ છે. ?**

**જ.** વિલ બનાવવાનો સૌથી મોટો ફાયદો એ છે કે વિલ બનાવનાર વ્યકિતની ઈચ્છા મુજબ તેની હયાતિ બાદ તેની માલ મિલ્કત તથા અસ્કયામતો ભાગ થશે તેની વિલ બનાવનાર વ્યકિતને સંપૂર્ણ ખાત્રી મળે છે. અને તે પણ કોઈપણ પ્રકારની કાયદાકીય ગુંચવણો, તકલીફો અથવા પારીવારીક ઝઘડાઓ વગર. વિલ બનાવવાનો બીજો ફાયદો એ છે કે વિલ બનાવનાર વ્યકિત પોતાની ઈચ્છા મુજબ / પોતાની હયાતિ બાદ કોઈપણ વારસદારોને પોતાની મિલ્કતો માંહે વધુ કે ઓછો હિસ્સો આપી શકે છે. અથવા તો કોઈપણ વારસદારને કોઈ હિસ્સો ન આપવાનું ઠરાવી શકે છે. આમ પોતાની હયાતિ બાદ પોતાની માલ મિલ્કતોની સંપૂર્ણ વ્યવસ્થા કઈ રીતે થાય તેની ચોકસાઈ પૂર્વક સંપૂર્ણ ખાત્રી એકમાત્ર વીલ બનાવવાથી જ મળી શકે છે.

દા.ત. કોઈ એક વ્યકિત તેના મૃત્યુ બાદ તેના શરીરના અંગોનું દાન કરવાનું ઈચ્છે છે, તેનો ફલેટ તેની પત્નીને આપવા ઈચ્છે છે, કોઈ દિકરા/દિકરીઓને વધુ કે ઓછો હિસ્સો આપવાનું, અમુક રકમ માતા – પિતા અથવા સાર સંભાળ રાખનાર વ્યકિતને અથવા મિત્રને આપવાનું ઈચ્છે છે તથા તમામ ઈચ્છાઓ તે વ્યકિત તેના વિલમાં દર્શાવે છે. તથા તે વિલ તેના પરીવારજનો સગા સબંધી કાયદાની સુપ્રીમ કોર્ટ સહિત તમામ કોર્ટને માન્ય તથા બંધનકર્તા રહે છે.

**(૩) કોઈ વ્યકિત વિલ ન બનાવે તો કેવા સંજોગો ઉત્પન્ન થાય. ?**

**જ.** જયારે કોઈ વ્યકિત વિલ બનાવ્યા વગર અવસાન પામે (કાનુની ભાષામાં તેને ઈન્ટેસ્ટેટ) તો તેવા સંજોગોમાં, તેની તમામ માલ મિલ્કતોની લાગુ પડતા વારસાઈ કાયદા મુજબ વારસદારો વચ્ચે વહેંચણી થાય. દા.ત. જો આવી વ્યકિત હિન્દુ હોય તો તેની માલ મિલ્કતોની વહેચણી **“હિન્દુ સકસેશન એકટ”** મુજબ થાય તથા આવા સંજોગોમાં અવસાન પામનાર વ્યકિતની તમામ માલ મિલ્કતનું બધા જ નજીકના વારસદારો વચ્ચે સરખા હિસ્સાથી વહેંચણી થાય છે, જેમ કે, માતા, પતિ – પત્ની, સંતાનો જે ઘણી વખત અવસાન પામનાર વ્યકિતની ઈચ્છા વિરૂઘ્ધ હોવાની પણ શકયતાઓ હોય છે. વધુમાં આવા સંજોગોમાં ઘણી વખત વારસદારો વચ્ચે વાદ વિવાદ કોર્ટ કાર્યવાહી તથા વહેંચણી થવામાં બીન જરૂરી વિલંબ થવાની શકયતાઓ ખુબ વધી જવાની શકયતાઓ રહે છે.

**(૪) વિલ કઈ ઉમરે બનાવી શકાય ?**

**જ.** ૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ પુખ્ત વ્યકિત જે શાંત ચીતે તથા કોઈ પણ ના પ્રભાવ વગર શુઘ્ધ બુઘ્ધિથી વિલ બનાવી શકે છે.

**(૫) શા માટે કોઈ વ્યકિતએ વૃઘ્ધત્વની રાહ જોયા વગર જેમ બને તેમ વહેલુ વિલ બનાવવું જોઈએ. ?**

**જ.** આજના જમાનામાં જયારે દરેક વ્યકિતની જીંદગી ખુબ જ અનિશ્ચિત બની ગઈ છે. તથા નાની ઉમરે હૃદયની બીમારીઓ, અકસ્માતો વગેરેના કારણોસર જીવન ટુંકાય જાય છે. ત્યારે નાની ઉમરથી

જ વિલ બનાવવું ખુબ જ હિતાવહ છે. માનવીની આવી જ જીવનની અનિશ્ચિતતાના કારણે ઘણાં વ્યકિતઓ નાની ઉમરથી જ વિમા કવચ મેળવે છે, જેનો મુખ્ય આશય પોતાના પરીવારની સલામતી તથા સુખ શાંતિ હોય છે. પોતાની હયાતિ બાદ પોતાના પરીવાર તથા સબંધીઓ વચ્ચે પોતાની ઈચ્છા અનુસાર મિલ્કત / મિલ્કતોનું વિતરણ થાય તે માટે દરેક પુખ્ત વયના વ્યકિતએ શકય હોય તેટલું વહેલું વિલ બનાવી લેવું જોઈએ.

## (૬) વિલ કેવી રીતે બનાવવું જોઈએ ? / વિલના આવશ્યક પરિબળો કયા છે. ?

**જ.** સામાન્યતઃ વિલ જાતે લખીને બનાવી શકાય છે. પરંતુ ટાઈપ કરેલુ વિલ વધુ આવકારદાયક છે. વિલ બનાવવા માટે સ્ટેમ્પ પેપરની કોઈ જરૂરીયાત નથી. વિલ કોરા કાગળ ઉપર બનાવી શકાય છે. વિલ હમેંશા વિલ બનાવનારની માતૃભાષામાં અથવા તો તેને આવડતી કોઈપણ ભાષામાં બનાવી શકાય છે. વિલ બનાવનારે પોતાના પરીવારના સભ્યોની વિગતોની માલ – મિલ્કતોની, જવાબદારીઓની ઈચ્છાઓની, મિલ્કતોનનું વિભાજન કરવાની પધ્ધતિનું, સાક્ષીઓના નામ, વિલ બનાવવાની તારીખ, સ્થળ, વગેરે જેવી વિગતોનો વિલમાં સમાવેશ કરવો જરૂરી છે. તેવી જ રીતે વિલના દરેક પાના ઉપર વિલ બનાવનારની તથા સાક્ષીઓની સહી કરવી જરૂરી છે.

## (૭) શું મૌખિક વિલ બનાવી શકાય છે. ?

**જ.** ના, મૌખિક વિલ એ એક સ્પેશિયલ પ્રકારનું વિલ છે જે ફકત નૌ સૈનિક જ બનાવી શકે છે. તેવી જ રીતે મુસ્લીમ સંપ્રદાયના અમુક વ્યકિતઓ તેમના ધાર્મિક કાયદા મુજબ મૌખિક વિલ બનાવી શકે છે.

## (૮) શું અલગ અલગ ધર્મમાં અલગ અલગ વારસાઈ કાયદાઓ છે. ?

**જ.** હા, દરેક ધર્મના અલગ અલગ વારસાઈ કાયદાઓ છે. જેમ કે, જો ગુજરનાર વ્યકિત હિન્દુ હોય તો હિન્દુ સકશેશન કાયદાઓ તેવી જ રીતે જો ગુજરનાર વ્યકિત પારસી અથવા તો ક્રિશ્ચન હોય તો ભારતીય સકશેશન કાયદો લાગુ પડે. તેવી જ રીતે જો ગુજરનાર વ્યકિત મુસ્લીમ હોય તો શરીયત કાયદો લાગુ પડે તેમાં પણ શીયા, સુન્ની, ખોજા જેવી અલગ અલગ પેટા જ્ઞાતીઓ માટે અલગ અલગ નિયમો છે.

## (૯) વિલ બનાવવા વખતે સાક્ષીઓ અંગેના કયા નિયમો છે.?

**જ.** કાયદા મુજબ વિલ હમેશા ઓછામાં ઓછા બે વ્યકિતઓની હાજરીમાં સાઈન થવું ફરજીયાત છે. કાયદા મુજબ વિલમાં વિલ બનાવનાર વ્યકિતએ શું લખ્યું છે તે જાણવું સાક્ષીઓ માટે ફરજીયાત નથી પરંતુ વિલ બનાવનારે વિલમાં સાક્ષીઓની હાજરીમાં સહી કરવી ખુબ જ જરૂરી અને ફરજીયાત છે. કાયદા મુજબ ભવિષ્યમાં વારસદારો વચ્ચે વિલની કાયદેસરતાને પડકારવામાં આવે તો તેવા સંજોગોમાં કોર્ટ સાક્ષીઓને પોતાના સમક્ષ બોલાવીને વિલની ખરાઈ ચકાસી શકે છે. હવેના અત્યાધુનિક યુગમાં વિલમાં સહી કરવાની પ્રક્રિયાનું વીડીયો રેકોર્ડીંગ કરી તે વીડિયો કલીપને ઓરીજીનલ વિલ સાથે રાખવું સલાહભર્યુ છે. કારણ કે, આવી વિડિયો કલીપ ભવિષ્યમાં વિલની કાયદેસરતા સાબિત કરવા ખુબ જ મોટો પુરાવો બની શકે છે.

## (૧૦) એકઝીકયુટર એટલે શું ? શું એકઝીકયુટર વિલમાં નિમણુક કરવી ફરજીયાત છે. ?

**જ.** વિલ બનાવનાર વ્યકિત જો ઈચ્છે તો પોતાના કોઈપણ પરીવારજનોને, સબંધી અથવા તો કોઈપણ વિશ્વાસ પાત્ર, પરીચિત અથવા કોઈ વકીલ કે કાયદાકીય સલાહકાર, ટેકસ સલાહકાર વિગેરે પોતાના વિલના એકઝીકયુટર તરીકે નીમી શકે છે. એકઝીકયુટર એટલે એવી વ્યકિત ગુજરનારના વિલમાં દર્શાવેલી તમામ ઈચ્છાઓ, સુચનાઓ પાલન કરી તે ઈચ્છાઓને પુર્ણ કરે. એકઝીકયુટરની નિમણુંક કરવી ફરજીયાત નથી. પરંતુ ખૂબ જ આવકારદાયક છે.

**(૧૧) શું વિલને નોટરાઈઝડ અથવા રજીસ્ટર્ડ કરાવવું ફરજીયાત છે. ? તેમ કરવાના શું ફાયદાઓ છે. ?**

**જ.** ના, વિલને નોટરાઈઝડ અથવા તો રજીસ્ટર્ડ કરાવવું ફરજીયાત નથી. વિલ બનાવનાર વ્યકિત વિલ બનાવ્યા બાદ પોતાની હયાતિમાં કોઈપણ સમયે તે વિલને રજીસ્ટ્રાર ઓફિસમાં કોઈ પણ બે સાક્ષીઓ સાથે રૂબરૂ જઈને વિલનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. (વિલમાં સહી કરેલા સાક્ષીઓની હાજરી અનીવાર્ય નથી) વિલનું રજીસ્ટ્રેશન એ ગર્વમેન્ટ અધિકારીની હાજરીમાં થયેલ હોય ભવિષ્યમાં તેની કાયદેસરતા સાબિત કરવાના સંજોગો ઉપસ્થીત થતા નથી. રજીસ્ટ્રેશન કરાવવા ઈચ્છુક વ્યકિતએ કોઈપણ બે સાક્ષીઓ સાથે ઓરીજીનલ વિલ, પોતે માનસિક રીતે સ્વસ્થ છે તેવું ડોકટરનું સર્ટીફીકેટ તથા પોતાના રહેણાંકનો પુરાવો લઈને સબ રજીસ્ટ્રાર કચેરીએ જવાનું રહે છે.

**(૧૨) કયા કયા પ્રકારના માલ / મિલ્કતોનું વિલમાં સમાવેશ કરાવી શકાય ?**

**જ.** વિલ બનાવનાર વ્યકિતએ પોતાની તમામ સ્વતંત્ર માલીકીની તથા સંયુકત માલીકીની હકકવાળી સ્થાવર મિલ્કતો જેવી કે જમીન, મકાન, ફલેટ, દુકાન વિગેરે તથા જંગમ મિલ્કતો જેવી કે, રોકડ, દાગીના, બેંક એકાઉન્ટ, એફ. ડી, ઈન્શ્યોરન્સ વિગેરેનો સમાવેશ વિલમાં કરવો જોઈએ. સાથો સાથ પોતાના લેણાંઓ – દેણાંઓનો પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ.

**(૧૩) સંયુકત માલીકી હકકવાળી મિલ્કતોનો સમાવેશ કરી શકાય ?**

**જ.** હા, સંયુકત માલીકી હકકવાળી મિલ્કતોમાં રહેલા પોતાના હિસ્સા અંગે શું વ્યવસ્થા કરવાની છે તેની સુચના કોઈ પણ વ્યકિત વિલ મારફત કરી શકે છે. આવા કિસ્સાઓમાં જે તે મિલ્કતના અન્ય સહ– માલિકના હિસ્સાની વિગતો વિલમાં દર્શાવવી આવકારદાયક છે.

**(૧૪) નોમીનેશન દાખલ કરાયેલી માલ મિલ્કતોનો વિલમાં સમાવેશ કરી શકાય ?**

**જ.** હા, નોમિનેશન પ્રક્રિયા તે વ્યકિતની હયાતિ બાદ તેના માલ મિલ્કતોનો કલેઈમ કરવા માટેની વ્યવસ્થા છે. નિમણુંક પામેલ નોમીની તે ફકત ગુજરનાર વ્યકિતની માલ – મિલ્કતોનો ટ્રસ્ટી છે. તથા નોમીની એ એક વખત ગુજરનારના વારસદારો વારસાઈના કાયદા પ્રમાણે નકકી થઈ જાય એટલે તે માલ મિલ્કતો તેમને સોપી આપવાની રહે છે. શેર સંપત્તિમાં નોમીની એ ગુજરનાર વ્યકિતનું વારસદાર જ હોય છે. તેવા સંજોગોમાં વિલ બનાવનાર વ્યકિતએ નોમીનેશન અંગેની શકય હોય તે તમામ સ્પષ્ટ ચોખવટ વિલમાં કરવી આવશ્યક છે.

**(૧૫) શું ભાડુઆતી હકકોવાળી મિલ્કતો / ભાડુઆતી હકકોની વિલ મારફત વારસાઈ / વ્યવસ્થા થઈ શકે. ?**

**જ.** ના, ભાડુઆતી હકકો તે કોઈ માલ કે મિલ્કતો નથી તે વારસાઈમાં આપી શકાય નહી તથા તેની કોઈ વ્યવસ્થા વિલ મારફત કરી શકાય નહી.

**(૧૬) ભાડા પટા (લીઝ હોલ્ડ) ના હકકોની વિલ મારફત વારસાઈ / વ્યવસ્થા થઈ શકે. ?**

**જ.** હા, ભાડા પટા (લીઝ હોલ્ડ) ના હકકોની વિલ મારફત વારસાઈ / વ્યવસ્થા થઈ શકે છે.

**(૧૭) ઉતરોતર વારસાઈમાં મળેલ મિલ્કતો અંગે વિલથી વ્યવસ્થા થઈ શકે ?**

**જ.** વારસાઈમાં મળેલી મિલ્કતો જેના માલીકી હકકો કાયદેસર રીતે હસ્તાંતરીત થયા છે તે મિલ્કતોની વ્યવસ્થા વિલ મારફત થઈ શકે છે.

**(૧૮) ધંધાના માલીકી હકકો, કંપનીની વિલ મારફત વારસાઈ આપી શકાય?**

**જ.** સ્વતંત્ર માલીકી હકકવાળી પ્રોપરાઈટરશીપ પેઢી અથવા કોઈપણ કંપનીના ધારણ કરાયેલા શેરો ના માલીકી હકકોની વિલ મારફત વારસાઈ આપી શકાય. જયારે ભાગીદારી પેઢીના કિસ્સામાં પાર્ટનરશીપ ડીડમાં નોંધાયેલ શરતો મુજબ ભાગીદારોને પોતાના ભાગ અંગે વારસાઈ વ્યવસ્થા કરવાની રહે છે.

**(૧૯) હિંદુ સંયુકત કુટુંબ માં શેર વારસાઈથી આપી શકાય ?**

**જ.** ના, હિન્દુઓ અવિભાજય કુટુંબમાં રહેલ હિસ્સા અંગે કોઈ વારસાઈ હકકો આપી ન શકાય.

**(૨૦) વિલ મારફત અન્ય કઈ કઈ મિલ્કતોનું વ્યવસ્થા કરી શકાય ?**

**જ.** વ્યકિત પોતાના પાલતુ જાનવર, ઈલેકટ્રોનીક આઈટમ, ફર્નિચર, બૌધ્ધિક મિલ્કતો જેવી કે, ટ્રેડ માર્ક, પેટન્ટસ, કોપી રાઈટ, લાયસન્સ સીઝ, સોશ્યલ મીડીયા એકાઉન્ટ, વ્યકિતગત વસ્તુ, બુકસ વિગેરેની વ્યવસ્થા વિલ મારફત કરી શકાય છે.

**(૨૧) સગીર વ્યકિતને મળવાપાત્ર વારસાઈ હકકોનું રક્ષણ કઈ રીતે કરી શકાય ?**

**જ.** વ્યકિત પોતાના વિલ થકી સગીર વારસદારોના હિતોનું રક્ષણ કરવા ગાર્ડિયન એટલે કે વાલી ની નિમણુંક કરી શકે છે. આવા નિમણુંક કરાયેલા વાલી ઉપર સગીરની સાર સંભાળ રાખવાની તથા તેના હિતોનું રક્ષણ કરવાની જવાબદારી રહે છે. ઘણાં વ્યકિતઓ પોતાના વારસદારો મિત્ર, સબંધીઓ અથવા ધર્માદાના હેતુઓ માટે વિલ મારફત ટ્રસ્ટની રચના કરે છે.

**(૨૨) શું વ્યકિત પોતાની ભવિષ્યની મિલ્કતો માટે અથવા તો કોઈ મિલ્કત શરત ચુકથી ઉલ્લેખવાની રહી ગયેલ હોય તેવી મિલ્કતો માટે વિલમાં શું જોગવાઈ કરી શકે.?**

**જ.** સામાન્યતઃ વિલમાં પરચુરણ / અન્ય માલ મિલ્કતો ( જેનો સ્પષ્ટ ઉલ્લેખ વિલમાં કરાયેલ નથી). અંગે શું વ્યવસ્થા કરવાની છે અથવા તેવી મિલ્કતો હયાતિ બાદ કોને સોંપવાની છે તે અંગે સુચના આપી શકે છે. તેવી જ રીતે પોતાની ભવિષ્યની મિલ્કતો બાબતે પણ વ્યવસ્થા કરી શકે છે.

**(૨૩) શું એક વખત વિલ બનાવ્યા બાદ તેમાં સુધારા વધારા કરી શકાય ? અથવા નવું વિલ બનાવી શકાય ?**

**જ.** કોઈપણ વ્યકિત ઈચ્છે તેટલીવાર વિલ બનાવી શકે છે અથવા તો નાના મોટા સુધારાઓ, વધારાઓ/ ફેરફારો કોડીશીલ મારફત કરી શકે છે. કોડીશીલ એ મુળ વિલને સંલગ્ન હોય છે પરંતુ જયારે પણ વ્યકિત એક વખત વિલ બનાવ્યા બાદ નવું વિલ બનાવે ત્યારે તેને વિલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ કે આ તેનું છેલ્લું વિલ છે. તથા આગળના બનાવેલા તમામ વિલો રદ પાત્ર ગણાશે કારણ કે, છેલ્લું વિલ જ કાયદા મુજબ માન્ય ઠરે છે.

**(૨૪) વિલને કઈ કઈ જગ્યાએ સાચવણ પૂર્વક રાખી શકાય ?**

**જ.** કાયદા મુજબ વિલને કોઈપણ જગ્યાએ રાખી શકાય. પરંતુ વિલની સાથે કોઈ ચેડા ન કરી શકે તેવી તથા સાથોસાથ વ્યકિતના અવસાન બાદ તેનો પરીવાર વિલને સહેલાઈ પૂર્વક મેળવી શકે તેવી જગ્યાએ સાંચવણપૂર્વક વિલને રાખવું સલાહભર્યુ છે. વિલને બેંકના લોકર અથવા તો વિશ્વાસપાત્ર વ્યવસાયિકો જેમ કે, સોલીસીટર અથવા કોઈ બેંકર, જેઓ વ્યકિતના અવસાન બાદ તેમના પરીવારને અથવા એકઝીકયુટર્સને વિલની જાણ કરે તેવી વ્યકિતઓ પાસે રાખી શકાય. હાલના સમયમાં વિવિધ બેંકો તથા નાણાંકીય સંસ્થાઓ વિલની સાંચવણ તથા સુરક્ષા આપતી કસ્ટોડીયન સર્વીસીઝ ઉપલબ્ધ કરાવે છે.

## (૨૫) શું અન્ય દેશોમાં રહેલી મિલ્કતોના વારસાઈ હકકો વિલ મારફત આપી શકાય ?

**જ.** હા, વિદેશમાં રહેલ મિલ્કતોના હકકો મેળવવાની પ્રક્રિયા જે તે દેશના સ્થાનિક કાયદાઓ મુજબ પુર્ણ કરવામાં આવતી હોય છે. આથી સામાન્યતઃ વ્યકિતએ વિદેશી મિલ્કતો માટે અલગ અલગ વિલો બનાવવા જોઈએ. આવી રીતે બનાવાયેલા વિલો કોનકરંટ વિલ્સ કહેવાય અને તેઓ એકબીજાથી અલગ તથા સ્વતંત્ર ગણાય. જો આવા વિલો એકબીજાની સાથે સંકળાયેલા ન હોય.

## (૨૬) શું પતિ પત્ની સાથે મળી એક વિલ એટલે કે સંયુકત વીલ બનાવી શકે. ?

**જ.** હા, પતિ પત્ની દવારા સંયુકત રીતે એક વિલ બનાવવું કાયદા મુજબ માન્ય છે. આવા વિલમાં બન્ને જીવનસાથીઓ એકબીજાને પોતાની હયાતિ બાદ વારસાઈ હકકો આપે છે. તથા ત્યારબાદ બન્નેની હયાતિ બાદ તેમની મિલ્કતોના વારસાઈ હકકો કોને આપવાના છે તેની સુચના/ઈચ્છા વિલમાં જણાવે છે. આવા સંયુકત વિલોની અમલવારી બન્ને પતિ પત્ની વચ્ચે મિરર વિલ અટલે કે, એક સમાન વિલ પણ બનાવવામાં આવે છે. જેમાં બન્ને પરસ્પર વારસાઈ હકકો આપે છે.

## (૨૭) વિલ હેઠળ બેનીફીસયરી એટલે કે વારસદાર કોણ કહેવાય ?

**જ.** બેનીફીસયરી એટલે કે વારસદાર એવી વ્યકિતને કહેવાય જેને વિલ હેઠળ વારસાઈના હકકો પ્રાપ્ત થતો હોય એટલે કે વિલની શરતો મુજબ જે વ્યકિતને ફાયદો થતો હોય બેનીફીટ કોઈપણ વ્યકિતના બેનીફીસયરીના તેના પરીવારજનો, સગા – સબંધી, મિત્રો કોઈપણ હોઈ શકે છે. વ્યકિત પોતાની મિલ્કત પોતાની હયાતિ બાદ દાન ધર્માદામાં પણ આપી શકે છે. પરંતુ જયારે વ્યકિતને નજીકના સગા / પરીવારજનો હોય તથા તે વ્યકિતની પોતાની માલ મિલ્કત પોતાની હયાતિ બાદ દાન ધર્માદામાં દેવા ઈચ્છતો હોય તો કાયદા મુજબ નિર્ધારીત કરેલી પ્રક્રિયા પુર્ણ કરીને જ તેવું કરવું શકય બને છે. પારસી કોમ ના સભ્યોને આ કાયદાનો બાધ નડતો નથી તેઓ ઈચ્છે તે મુજબ પોતાની માલ મિલ્કતોનો દાન ધર્માદો કરી શકે છે.

## (૨૮) હિંદુ કાયદા મુજબ કાયદેસરના વારસદાર કોને કહી શકાય ?

**જ.** કાયદેસરના વારસદાર એ એવી વ્યકિતને કહેવાય કે જે ગુજરનાર વ્યકિતની માલ મિલ્કતોની લાગુ પડતા વારસાઈના કાયદા મુજબ વારસાઈ મેળવી શકે. કાયદેસરના વારસદાર સ્ત્રી અથવા પુરૂષ કોઈ પણ હોઈ શકે છે. હિંદુ વારસાઈના કાયદા મુજબ જો કોઈ વ્યકિત વિલ બનાવ્યા વગર અવસાન પામે તો તેની તમામ મિલ્કતોની તેના પ્રથમ શ્રેણીના વારસદારો વચ્ચે સરખે હિસ્સે વહેચણી કરવામાં આવે છે. જો ગુજરનાર વ્યકિતને કોઈ પ્રથમ શ્રેણીના વારસદારો હયાત ન હોય, તો તેની મિલ્કતો બીજી શ્રેણીના તેના વારસદારો વચ્ચે વહેચવામાં આવે છે. જો ગુજરનાર વ્યકિતને બીજી શ્રેણીના પણ કોઈ વારસદારો ન હોય તો સૌ પ્રથમ સગૌત્ર (પિતૃપક્ષ) ના સબંધીઓ વચ્ચે, તથા તે પણ ન હોય તો સગૌત્ર (માતૃપક્ષના) સબંધીઓ વચ્ચે મિલ્કતોની વહેંચણી કરવામાં આવે છે. જો ગુજરનાર વ્યકિતને ઉપરોકત કોઈપણ રીતે કોઈ વારસદારો ન હોય તો તેની મિલ્કતો સરકાર ધારણ કરે છે.

## (૨૯) વિલ કયારે અને કેવી રીતે રદબાતલ કરી શકાય ?

**જ.** વ્યકિત ઈચ્છે ત્યારે કોઈપણ સમયે પોતાનું વિલ રદ કરી શકે અથવા નવું વિલ બનાવી શકે વ્યકિત જયારે નવું વિલ બનાવે ત્યારે જુના તમામ બનાવેલા વિલો આપોઆપ રદ ઠરે છે. તથા નીચે મુજબ પણ રદ થઈ શકે છે.

(૧) નવુ વિલ બનાવવાથી

(૨) વિલને લેખિતમાં રદબાતલ જાહેર કરવાથી

(૩) વિલને ફાડી અથવા સળગાવી અથવા અન્ય રીતે.

**(૩૦) શું વિલ દ્વારા વારસાઈમાં પ્રાપ્ત થતી મિલ્કતો ઉપર વારસદારોએ કોઈ ઈન્કમટેક્ષ કે અન્ય કોઈ વેરાઓ ચુકવવાના રહે છે. ?**

**જ.** ના, હાલમાં વારસદારોએ વિલ દ્વારા મેળવેલ કોઈપણ મિલ્કતો ઉપર કોઈપણ આવકવેરો, કેપીટલ ગેઈન ટેક્ષ વિગેરે ચુકવવાનો થતો નથી. ભુતકાળમાં આ અંગે એસ્ટેટ ડયુટી ટેક્ષ નામે વેરો પ્રર્વતમાન હતો જે રદ કરાયેલ છે.

**(૩૧) મુસ્લીમોના વિલ અંગે કયા કઈ વિશેષ જોગવાઈઓ રહેલી છે. ?**

**જ.** મુખ્યત્વે મુસ્લીમ સંપ્રદાય અંગે વિલ અને વારસાઈ બાબતના કાયદાઓ એટલે કે પર્સનલ લો મુજબ વ્યવસ્થા થાય છે તથા અમુક જ બાબતોએ તેઓને ભારતીય વારસાઈનો કાયદો એટલે કે, ઈન્ડીયન સકશેસન એકટ લાગુ પડે છે. સામાન્ય રીતે કોઈપણ મુસ્લીમ વ્યકિત પોતાની કુલ સંપતિના મહતમ ૧/૩ હિસ્સા માટે જ વિલ બનાવી શકે બાકી રહેલી ૨/૩ ભાગની મિલ્કતોની વારસાઈ શરીયતના કાયદા મુજબ કરવામાં આવે છે.

**(૩૨) પારસી, ઈસાઈ, તથા યહુદીઓ માટે વીલ અંગેની કઈ કઈ વિશેષ જોગવાઈઓ છે. ?**

**જ.** ક્રિષ્ચન અને પારસી કોમમાં લગ્ન થવાથી વિલ રદ બાતલ ઠરે છે અને નવુ વીલ બનાવવું આવકાર દાયક છે, તથા પારસી વ્યકિત પોતાની સંપૂર્ણ મિલ્કત વિલ મારફત દાન ધર્માદામાં આપી શકે છે.

**(૩૩) પ્રોબેટ એટલે શું? શું પ્રોબેટ દરેક પ્રકારના વીલ માટે ફરજીયાત છે. ?**

**જ.** પ્રોબેટ એ કોર્ટ ધ્વારા વિલની ચોકસાઈ કર્યા બાદનું એને માન્ય કરતું કાયદેસરનું પ્રમાણપત્ર છે. વિલમાં નિમણુંક કરાયેલ વારસદાર પ્રોબેટ માટે કોર્ટ સમક્ષ અરજી કરી શકે છે જયારે આવી અરજી અનુસંધાને કોર્ટ પ્રોબેટ ઈસ્યુ કરી આપે અથવા વિલને કાયદેસર ઠરાવી આપે ત્યારબાદ એકઝીકયુટરને વિલમાં સોંપેલી ફરજો પુર્ણ કરવાની સતા મલે છે. પ્રોબેટ મેળવવું ફરજીયાત નથી. પરંતુ જયારે વિલ મારફત વારસાઈ કરાતી મિલ્કતોની કિમતો ખુબ મોટી હોય ત્યારે ભવિષ્યમાં ઉદભવી શકે તેવા બિનજરૂરી કલેઈમ્સને ટાળવા ટાઈટલ મેળવવા વ્યકિત પ્રોબેટનો આગ્રહ રાખે છે.

**(૩૪) જયારે વિલ બનાવવામાં ન આવેલ હોય ત્યારે વારસદાર નકકી કરવાની શું પધ્ધતિ હોય છે. ?**

**જ.** જયારે ગુજરનાર વ્યકિતએ કોઈ વિલ બનાવેલ ન હોય તેવા સંજોગોમાં જો ફકત જંગમ મિલ્કતો હોય તો વારસદારોએ કોર્ટ પાસેથી વારસાઈ સર્ટીફીકેટ મેળવવાનું રહે છે પરંતુ જયારે સ્થાવર મિલ્કતો પણ હોય તેવા સંજોગોમાં વારસદારોએ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવાનું રહે છે.

**(૩૫) વારસદાર તથા નોમીની વચ્ચે શું ફરક હોય છે. ?**

**જ.** નોમીની એ ફકત ગુજરનાર વ્યકિતનો ટ્રસ્ટી કહેવાય. જેને ગુજરનાર વ્યકિતની તમામ માલ મિલ્કતો તેના વારસદારોને સોંપવાની રહે છે. પણ કંપનીના શેર સંપત્તિમાં નોમિની જ વારસદાર ગણાય છે.

**(૩૬) વિલ મુજબ મિલ્કતોની વારસાઈ કયારે કરી શકાય ?**

**જ.** વિલ બનાવનારના અવસાન બાદ જ તેના વિલ મુજબ મિલ્કતો વારસાઈમાં આપી શકાય.

**(૩૭) શું વિલ બનાવવા માટે કોઈ વકીલની / સેવાઓ લેવી જરૂરી છે. ?**

**જ.** ના, સામાન્ય વિલ બનાવવામાં તમામ તકેદારીઓ રાખીને વ્યકિત જાતે વિલ બનાવી શકે પરંતુ આવા સમયે વ્યકિતઓ વિલની ભાષા વાકય રચના તથા સ્પષ્ટતા બાબતે સંપૂર્ણ ચોકસાઈ રાખવી આવશ્યક છે જે ભવિષ્યમાં તેના પરિવારજનો / સબંધીઓ વચ્ચે ગેરસમજ કે ઝઘડાઓ ન ઉદભવે.